



આવી રે આવી દિવાળી આવી - દિવાળી આવે એટલે ગૃહિણીઓ મહેમાનોની આગતા-સ્વાગતા માટે તૈયારીમાં લાગી જાય છે... ઘરે વિવિધ પ્રકારના નાસ્તા-મિષ્ઠાન બનાવે છે... તો ક્યારેક બજારમાંથી તૈયાર મળતા વિવિધ પ્રકારના નાસ્તા, બિસ્કીટ, અને મિઠાઈની ખરીદી પણ કરી લેતી હોય છે... વિશેષમાં છૂટક નાસ્તા-બિસ્કીટની સાથે સાથે બજારમાં વિવિધ ગિફ્ટ પેક પણ ઉપલબ્ધ બન્યા છે... પણ વિશેષ કરી પસંદગીના છૂટક નાસ્તા, બિસ્કીટની ખરીદી પર ગૃહિણીઓ આગ્રહ રાખતી હોય છે એટલે બજારમાં ઠેર ઠેર મિઠાઈ, નાસ્તા-બિસ્કીટના સ્ટોલ લાગી ગયા છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે કર્મચારી સંગઠનો સાથે સરકારની મહત્વની બેઠક

ગાંધીનગર, તા.૧૯

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આવતીકાલે મંડળોના આગેવાનો અને સરકાર વચ્ચે એક મહત્વની મંત્રણા બેઠક મળનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજ્યના વિવિધ કર્મચારી મંડળો દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. આમ છતાં કોઈ ઉકેલ ન આવતા થોડા સમય અગાઉ કર્મચારી મંડળો દ્વારા આંદોલન કરી પ્રતીકાત્મક કાર્યક્રમો આપવામાં આવ્યા હતાં.

કર્મચારીના પ્રશ્નોના ઉકેલ માટે મંત્રીઓ અને અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવી છે. રાજ્ય સરકારે કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવા માટે કર્મચારી મંડળોના આગેવાનોને આવતીકાલે મંત્રણા માટે બોલાવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે સરકારના ત્રણ મંત્રીઓ અધિકારીઓ સાથે કર્મચારી મંડળોના આગેવાનો સાથે મળનારી મહત્વની બેઠકમાં કર્મચારી મંડળો દ્વારા રજુ કરવામાં આવનાર પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરીને કેટલાક પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સકારાત્મક વલણ અપનાવીને ઉકેલ લાવવાના પ્રયાસ કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિવાળીના તહેવારો પૂર્વે જ રાજ્ય સરકાર કર્મચારી મંડળોના આગેવાનો સાથે બેઠક કરીને કેટલાક પડતર પ્રશ્નોનો ઉકેલ લાવી કર્મચારીઓને દિવાળીની ભેટ આપે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.



## ભાજપનો વિજયોત્સવ

મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયને આજે અમદાવાદ ખાનપુર કાર્યાલય ખાતે કાર્યકરોએ ફટાકડા ફોડીને વધાવ્યો હતો. મહારાષ્ટ્ર-હરિયાણા વિધાનસભા ચૂંટણી ઉપરાંત રાજકોટ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય મળવા પામ્યો હતો. આ વિજયને વધાવવા આજે અમદાવાદ ખાનપુર કાર્યાલય ખાતે મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડયા હતા અને ઢોલ નગારા વગાડી ફટાકડા ફોડીને અને એકબીજાને ગળ્યું મોઢું કરાવીને ઉજવણી કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપાની કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા પાંચ મહિનામાં થયેલા નક્કર કાર્યો તથા ભાજપાની સૌનો સાથ સૌનો વિકાસની સકારાત્મક રાજનીતિને પ્રજાએ મંજુરીની મ્હોર મારી છે એમ શહેર મહામંત્રી અમુલભાઈ ભટ્ટે જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના શાસનમાં ગતિશીલ ગુજરાતના વિકાસને ઓળખીને પ્રજાએ કોંગ્રેસની જ્ઞાતિવાદી-વર્ગ વિગ્રહની રાજનીતિને રાજકોટની પેટા ચૂંટણીમાં સંપૂર્ણ જાકારો આપ્યો હોવાનું શહેર પ્રમુખ રાકેશ શાહે જણાવી વિજયભાઈ રૂપાણીના ભવ્ય વિજય બદલ શહેર સંગઠન વતી હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.



અનુસૂચિત જાતિ કન્યા આદર્શ નિવાસી શાળા સેક્ટર-૮માં દિવાળીના પર્વને લઈને સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. રમતોત્સવના વિજેતાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય ગાંધીનગર સંચાલિત આદર્શ નિવાસી શાળા સેક્ટર-૮માં દિવાળીના શુભ પર્વને લઈને વાલીઓની ઉપસ્થિતિમાં સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓના માતા પિતા ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહમિલન સમારોહમાં ગત ૧૬ અને ૧૭ દરમિયાન શાળામાં યોજાયેલ રમતોત્સવમાં વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન પ્રદર્શન અને રાજયકક્ષાની સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

## ભાજપમાં દિવાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમિત શાહ અને નરેન્દ્ર મોદીએ એકલામાં આશરે ૩૦ મિનિટ સુધી વાતચીત કરી હોવાના અહેવાલ મળ્યા છે. નિરીક્ષકો દ્વારા અહેવાલ બાદ જ નામની જાહેરાત કરાશે. સંસદીય બોર્ડની બેઠક બાદ ભાજપના વરિષ્ઠ નેતા જેપી નડ્ડાએ કહ્યું હતું કે, શિવસેના તરફથી તેમને કોઇ ફોન આવ્યો નથી. અગાઉ પરિણામ આવ્યા બાદ હરિયાણામાં ભાજપે સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી હતી જ્યારે બીજી બાજુ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવીને ભાજપે ઈતિહાસ સર્જ્યો હતો. મહારાષ્ટ્રમાં તમામ ૨૮૮ બેઠકોના પરિણામ મોડી સાંજે જાહેર થઇ ગયા હતા જે પૈકી ભાજપ અને સાથી પક્ષોએ ૧૨૨ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. બીજી બાજુ શિવસેના બીજા નંબરની પાર્ટી તરીકે ઉભરી હતી. શિવસેનાને ૬૩ સીટો મળી હતી. સૌથી કફોડી હાલત ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદી સામે આંગળી ઉઠાવનાર મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની થઈ હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને ૨૮૮ બેઠકો પૈકી માત્ર એક જ બેઠક મળી હતી. બીજી બાજુ કોંગ્રેસ ૪૨ અને એનસીપી ૪૧ બેઠકો જીતવામાં સફળ રહી હતી. બીજી બાજુ હરિયાણામાં ભાજપે ઐતિહાસિક દેખાવ કરીને ૪૭ બેઠકો જીતી લીધી છે. ભાજપે વિધાનસભાની ૯૦ બેઠકો પૈકી ૪૭ બેઠકો જીતી લેવામાં સફળતા મેળવી છે. ચૂંટણી ઈતિહાસમાં હરિયાણામાં ભાજપની આ સૌથી શાનદાર સફળતા છે. આઈએનએલડીને ૧૯ બેઠક અને કોંગ્રેસને ૧૫ બેઠકો મળી છે.

## યેં હોસલોકી ઉડાન હૈ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આત્મવિશ્વાસ, ધગશ અને માતા-પિતાના પ્રોત્સાહકબળના પરિણામે યુ.પી.એસ.સી.ની પ્રિલીમ પરીક્ષા પણ પાસ કરી દીધી!

આગામી ડીસેમ્બરમાં મુખ્ય પરીક્ષાની તૈયારીમાં હાલ તે વ્યસ્ત છે. જો કે આ માટે તેને અંગ્રેજીતાબાના એક રીડર-રાઈટરની જરૂર છે. ગુજરાતમાં ડીસએબલ માટે યુ.પી.એસ.સી.ની પરીક્ષાનું એક પણ સેન્ટર નથી. ભૂપેન્દ્ર જણાવે છે કે, મુખ્ય પરીક્ષામાં ઉમેદવારને રાઈટર લઈ જવા દેતા નથી. અલબત્ત ત્યાંથી જ વ્યવસ્થા થાય છે. ત્યારે ઉમેદવારને રાઈટર પસંદ કરવાની છૂટ હોવી જોઈએ. ડીસએબલ ઉમેદવાર માટે અલગ પેપર સેટ હોવા જોઈએ તેવી પણ લાગણી તેણે વ્યક્ત કરી છે.

## શહેરના બજારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એવી ભીડ હતી જ પરંતુ પાથરણા બજારમાં પણ ભીડ જોવા મળી હતી. દીવડાઓ, રંગોળીના રંગો, ઘર સજાવટની નાની મોટી ચીજ વસ્તુની ખરીદી પાથરણા બજારમાંથી જ થતી જોવા મળી હતી.

જો કે હજુ ફટાકડા બજારમાં જોઈએ તેવી તેજી જોવા મળી નથી. ફટાકડાઓનો ભાવ ખુબ જ વધારે હોવાથી મોટા જથ્થામાં ફટાકડાની ખરીદી થતી નથી. ફટાકડા બજારમાં ખરીદી હજુ જામતી નથી. છેલ્લા બે દિવસોમાં ફટાકડા બજારમાં ખરીદી જામશે તેવી વેપારીઓને આશા છે.

દિવાળીના પગલે છેલ્લા બે દિવસોથી એટીએમમાં પૈસા ખુટી જાય છે. દિવાળી ટાણે ખરીદી કરવા માટે પૈસાની જરૂરીયાત હોઈ પૈસા મેળવવા માટે ઘણા લોકો એક એટીએમથી બીજા એટીએમ ફરતા જોવા મળ્યા હતા.

## શબ્દાવલી - ૫૫૩૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | |
| | ■ | ૬ | | ૭ | | | ■ |
| ૮ | ૯ | | ■ | | ■ | ■ | ૧૦ |
| ૧૧ | | ■ | ૧૨ | ■ | ૧૩ | | |
| ■ | ૧૪ | ૧૫ | | | | ■ | |
| ૧૬ | ■ | | ■ | ■ | ૧૭ | | |
| ૧૮ | ૧૯ | | | ■ | | ■ | ■ |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |

### આડી ચાવી

૧. ચટપટી, તલસવું તે (૪)
૪. જલેબી તળવાનું સાધન (૩)
૬. ખુબ વેગથી આવતું (૫)
૮. કઠણ, પોચું-ઢીલું નહીં તેવું (૩)
૧૧. હિન્દીમાં પ્રતિશત, અંગ્રેજી પરસેન્ટેજ અને ગુજરાતીમાં...(૨)
૧૩. રાક્ષસ (૩)
૧૪. પાણીથી તરબતર નીતરતું (૫)
૧૭. ખુબ મોટું વિશાળ (૩)
૧૮. સુંદર, અદ્‌ભૂત (૩)
૨૧. રણપ્રદેશ (૪)

### ઊભી ચાવી

૧. પ્રપંચ (૪)
૨. સાધના કરનાર તપસ્વી (૩)
૩. ... નું મસ ના થવું, અડગ (૨)
૪. ... લેવા જવું ને દ્રોણી સંતાડવાથી મેળ ના પડે (૨)
૫. સવળું, ઊંધુ નહિ તેવું (૨)
૭. એક કઠોળ (૨)
૯. ઓડકાર (૩)
૧૦. પરમીશન, મંજૂરી (૪)
૧૨. વહેમ, શક (૨)
૧૩. અટકવાળુ (૫)
૧૫. જાનવરો-માણસોનો ખેલ બતાવતો સમુહ (૪)
૧૬. પ્યાસ, તરસ્યું થવું (૩)
૧૯. 'ટળ' જેવો તુચ્છકારનો ભાવ દર્શાવતો શબ્દ (૨)

### શબ્દાવલી ૫૫૩૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) મહાનતા (૫) જીજ્ઞાસા (૭) સરભરા (૮) વાન (૯) જીયાણુ (૧૨) તરત (૧૫) વાના (૧૬) જાર (૧૭) રાહત (૧૯) કીનખાબ (૨૧) નકાબ (૨૪) કમ (૨૩) ખારી

**ઊભી ચાવી :-** (૧) મસલત (૨) હાર (૩) નભ (૪) તારાજી (૫) જીવાણુ (૬) જ્ઞાન (૧૦) યારી (૧૧) સનાતન (૧૩) રજા (૧૪) તરકીબ (૧૫) વાહ (૧૭) રાબ (૧૪) કનક (૨૦) ખાતર (૨૨) કામ (૨૩) ખારી

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓફ્લાઈન બની છે. મોદીના ગયા પછી સરકારી વેબસાઈટ્સ આઉટડેટેડ થઈ ગઈ છે. ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ સિવાય એકપણ પ્રધાન ઓનલાઈન નથી. ફેસબુક કે ટ્વિટરનો ઉપયોગ માત્ર ઉદ્યોગ પ્રધાન સૌરભ પટેલ કરે છે, બીજા પ્રધાનોને હજી ટપ્પો પડતો નથી...

### મોદીની ચા હવે મીઠી બની રહી છે ...

મોદીને કોંગ્રેસની મિટીંગમાં ચા વેચવાની જગ્યા મળશે... કોંગ્રેસના મણીશંકર ઐયરના આ વાક્યના કારણે આજે કોંગ્રેસની યુપીએ સરકાર સત્તાથી બહાર છે અને ૨૦૧૯માં આવશે કે કેમ તે નિશ્ચિત નથી, કારણ કે આજે દેશની જનતા મોદી સરકારને સમજતી થઈ છે. આવા સમયે ગુજરાત કોંગ્રેસે યુ-ટર્ન આપ્યો છે. કોંગ્રેસના ગુજરાતના એક નેતાએ મોદી સરકારમાં એવી ડિમાન્ડ કરી છે કે સરકારે ચા ને રાષ્ટ્રીય પીણું તરીકે જાહેર કરવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો ચૂંટણીમાં કોંગ્રેસ માટે કડવી બનેલી ચા હવે મીઠી બની રહી છે. એવું લાગે છે કે કોંગ્રેસે જ ચા શબ્દ શરૂ કર્યો હતો અને કોંગ્રેસ જ તેને પૂર્ણ કરશે...

### કેન્દ્રમાં હવે વિપક્ષના નેતાઓ સામે ખતરો ...

મોદી પહેલા ગુજરાતમાં હતા તો કોંગ્રેસને ખતરો હતો, હવે તેઓ દિલ્હીના થયા છે તેથી કેન્દ્રમાં વિપક્ષોને ખતરો પેદા થયો છે. કારણ ગમે તે હોય, તામિલનાડુના ચીફ મિનિસ્ટર હાલ સત્તાથી દૂર છે. પશ્ચિમ બંગાળના મમતા બેનરજી અને ઉત્તર પ્રદેશના માયાવતી કે મુલાયમનું શું થશે તે નક્કી નથી. આજે તો કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પણ મોદી સરકારના વખાણ કરી રહ્યાં છે. હમણાં જ શશી થરૂરે મોદીના વખાણ કર્યા તો પાર્ટીએ તેમને રસ્તો બતાવી દીધો. ચિદમ્બરમે પણ નવા આર્થિક સલાહકારના મુદ્દે મોદી સરકારના વખાણ કર્યા છે. હકીકતમાં જે નેતાઓ મોદીના વખાણ કરે છે તેઓને તપાસનો ડર સતાવે છે...

### અમદાવાદ શહેર મેટ્રોમાં ૧૦ વર્ષ પાછળ ...

ગુજરાતના આર્થિક પાટનગર ગાંધીનગરને મેટ્રો રેલ મળવામાં ૧૦ વર્ષનો વિલંબ થયો છે અને તેના કારણમાં ગુજરાતની ભાજપની સરકાર છે. કેન્દ્રની યુપીએ સરકારે ૨૦૦૪ના વર્ષમાં અમદાવાદ અને જયપુરને મેટ્રો આપવા માટેની દરખાસ્ત કરી હતી પરંતુ ગુજરાત સરકારે અમદાવાદ માટે બીઆરટીએસ સ્વિકારી પરિણામે મેટ્રોરેલ પ્રોજેક્ટ મંદ પડ્યો હતો. બીજી તરફ જયપુર માટે રાજસ્થાનની કોંગ્રેસ સરકારે મેટ્રોરેલ પસંદ કરી અને આજે જયપુરના નિવાસીઓ મેટ્રોરેલમાં સફર કરી રહ્યાં છે. મેટ્રોમાં સફર કરવામાં ગુજરાત ૧૦ વર્ષ પાછળ રહી ગયું છે...

### યજમાન મહેમાન બન્યાઁ ને રાજયને ફાયદો ...

યજમાન જયારે મહેમાન બન્યા છે ત્યારે મોસાળે મા પિરસનાર હોય તેમ ગુજરાતની એક પછી એક યોજનાઓ કેન્દ્ર સરકાર મંજૂર કરતી જાય છે. નર્મદાની ઉંચાઇ પછી સૌથી મોટો ફાયદો અમદાવાદને મેટ્રોરેલમાં થયો છે. કેન્દ્રીય કેબિનેટે ગુજરાતનો ૧૦,૭૭૩ કરોડનો મેટ્રોરેલનો પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. આ પ્રથમ તબક્કો છે, બીજા તબક્કામાં પણ આટલા જ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. પ્રથમ તબક્કા માટે કેન્દ્ર સરકાર ગુજરાતને મેટ્રો માટે ૧૯૦૦ કરોડની સહાય કરશે. દેર આયે દુરસ્ત આયે...

### ગાંધીનગરના સેક્ટરોને ફુડકોર્ટ મળશે ...

ગાંધીનગર ૩૦ સેક્ટરોમાં વહેંચાયેલું છે. હાલ મુખ્ય શોપીંગ સેન્ટર પ્રત્યેક સેક્ટરમાં આવેલા છે પરંતુ સેક્ટરોમાં જયાં ત્રિકોણ પડે છે અથવા તો ખુલ્લી જગ્યા છે ત્યાં ફુડકોર્ટ બનાવવાનું સરકારનું આયોજન છે. આ ફુડકોર્ટ સરકાર જાતે બનાવશે અને તે ભાડે આપવામાં આવશે. હાલ સરકારી વસાહતોમાં ખાણી-પીણીની લારીઓ ખડકાયેલી જોવા મળે છે, તેનાથી શહેરના રહીશોને છૂટકારો મળી રહેશે. એવું જાણવા મળ્યું છે કે શહેરમાં ૩૦ ફુડકોર્ટનું બાંધકામ આ વર્ષના અંત સુધીમાં શરૂ કરી દેવામાં આવનાર છે...

### ઓફિસરો મોર્નિંગ અને ઇવનિંગ વોક તરફ ...

મોર્નિંગ અને ઈવનિંગ વોક તો ગાંધીનગરનું બેસ્ટ છે. રોજ સવાર પડે ને સરકારી ઓફિસરો મોર્નિંગ વોક માટે તેમના શ્રીમતિજી સાથે નિકળે છે. કુદરતી વાતાવરણની વચ્ચે મોર્નિંગ તેમજ ઈવનિંગ વોક કરવા માટે શહેરના સેક્ટર-૧૧માં આવેલું પુનિત વન બેસ્ટ માનવામાં આવે છે. બિલીપત્રના વૃક્ષો તેમજ આયુર્વેદીક વનસ્પતિથી હર્યાભર્યા આ વનમાં આઈએએસ તેમજ આઈપીએસ ઓફિસરો સવાર અને સાંજ એમ બન્ને ટાઈમ વોક કરવા માટે જાય છે. નોકરીમાં ફરજ પર હોય તેવા ઓફિસરો કરતાં નિવૃત્ત સનદી ઓફિસરોની સંખ્યા આ ઉદ્યાનમાં વધારે જોવા મળે છે. કારણ કે નિવૃત્તોના નગરમાં સનદી ઓફિસરોની પણ ગણતરી થાય છે. હવે શિયાળાની ખુશનુમા સિઝન શરૂ થઈ રહી છે ત્યારે આ ઉદ્યાનમાં સંખ્યા વધવાની સંભાવના છે...

### તાલુકાઓને પણ સરકીટ હાઉસ મળશે ...

ગુજરાતના પ્રત્યેક જિલ્લાને સરકીટ હાઉસ મળેલા છે તેમ હવે તાલુકાને પણ સરકીટ હાઉસની સુવિધાથી સાંકળી લેવાની દરખાસ્ત રાજ્ય સરકારે મંજૂર કરી છે. એટલે કે રાજયના તમામ જિલ્લા અને તાલુકાઓને સરકીટ હાઉસ કે અતિથિગૃહથી જોડવાનું અભિયાન આ વર્ષના અંતમાં ઉપાડવામાં આવે તેમ મનાય છે. એટલુ જ નહીં, જયાં સરકારી અતિથિગૃહ આવેલા છે તેની મરામત માટે પણ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તેનું અપગ્રેડશન પણ કરવાનો પ્લાન છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં રાજયના ૩૩ જિલ્લા અને ૨૫૦ તાલુકાઓ હેલીપેડની સાથે સરકીટ હાઉસથી પણ જોડાશે...

### ઉદ્યોગો હશે તે વિસ્તારમાં રસ્તા ચારમાર્ગી ...

રાજયના જે વિસ્તારમાં ઉદ્યોગો હશે તેને જોડતા માર્ગોને ફોરલેન બનાવવાની એક યોજના સરકારે બનાવી છે. ખાસ કરીને હાલ પ્રગતિમાં તે ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર તેમજ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર જે વિસ્તારમાંથી પસાર થાય છે ત્યાં દ્વીમાર્ગી રસ્તાઓ જયાં હશે તે તમામ માર્ગોને ફોરલેનના કરવાની કાર્યવાહી આ વર્ષના અંત સમયમાં શરૂ થઈ જશે તેમ માર્ગ-મકાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું. સરકારે ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત બંદરોને પણ લાસ્ટ માઈલ કનેક્ટિવીટીથી જોડવાનું આયોજન કર્યું છે...

### આનંદીબેનનો -વાસ એળે જતો નથી ...

ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ તાલુકા ને જિલ્લાઓનો પ્રવાસ કરે છે તે હકીકતમાં તેમના માટે ફાયદા કારક સાબિત થાય તેમ છે. ભાજપના જ એક સિનિયર ધારાસભ્યએ કહ્યું હતું કે આનંદીબેન પટેલ રાજયમાં મોદી જેટલા પોપ્યુલર તો નહીં થાય, પરંતુ તેમને જિલ્લા અને તાલુકાઓનું મોટું પીઠબળ મળી રહ્યું છે. તેમના પ્રવાસ પછી કરવામાં આવેલા સર્વેમાં જણાયું છે કે બહેન માટે લોકોને સહાનુભૂતિ જોવા મળે છે. ખાસ કરીને મહિલાઓનું તેમને સમર્થન મળતું જાય છે. બીજો ફાયદો એ થયો છે કે ભાજપની મહિલા પાંખ મજબૂત બની ચૂકી છે. જો કે સર્વે પ્રમાણે સત્તાની લાલસા વધી છે, મોટાભાગની મહિલાઓને પદનિયુક્ત થવું છે...

### મોંઘવારીમાં સૌ કોઇ મૌન બન્યા છે ...

પહેરવાના કપડાં મોંઘા બન્યા. ખાવા માટેનું તેલ પણ મોંઘું. શાકભાજીના ભાવો ભડકે બળી રહ્યાં છે. નોકરોના પગાર બમણાં થયા છે. પ્લમ્બીંગ કે સુથારીકામ કરવું હોય તો એક ચક્કરના ૩૦૦ આપવા પડે છે. ઈન્કમટેક્સ, સર્વિસ ટેક્સ અને વધારાના સેસનું ભારણ તો મધ્યમવર્ગના માથે પડ્યું છે. મોંઘવારી સામે એટલી ઝડપથી પગાર વધતા નથી, પરિણામે ઘરના બે છેડા ભેગા કરવામાં પરિવારોની કસોટી થઈ રહી છે. મજબૂત વિરોધપક્ષ ન હોય તો કેવી હાલત થાય છે તે હવે ગુજરાતી જનતાને સમજાઈ રહ્યું છે. હવે એ અશોક ભટ્ટ નથી કે અમદાવાદમાં ધરણાં ઉપર બેસી જાય, એવા તરવરીયા કાર્યકરો નથી કે એક હાકલમાં મોંઘવારીની સામે અમદાવાદ બંધ કરાવી શકે...ચીમનભાઈના શાસનમાં તેલના ડબ્બામાં ૨૫ પૈસાનો વધારો થયો હતો ત્યારે અશોક ભટ્ટે અમદાવાદમાં ધરણાં-પ્રદર્શન કર્યા હતા. આજે તો મોંઘવારીમાં સૌ કોઈ મૌન બન્યા છે...